# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/222 Dt. 25/11/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# બિઝનેસ વિસ્તારવો હોય તો બને એટલા જલદી તમારા બિઝનેસમાંથી નીકળી જાવ!: દીક્ષિત તેરૈયા

## શા માટે ઉદ્યોગ સાહસિકો તક ચૂકે છે એ વિષય પર પ્રેરક સત્ર યોજાયું

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા "Why Do Entrepreneurs Miss the Bus? – Your Time to Board is NOW!" વિષય પર પ્રેરક સત્રનું આયોજન શનિવાર, 15 નવેમ્બર, 2025ના રોજ સાંજના 6:00 કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રસિદ્ધ T.I.G.E.R. દીક્ષિત તેરૈયા (Transformational Coach, Motivational Speaker & Business Mentor)એ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે "સફળતાના રહસ્યો અને વ્યવસાયિક પરિવર્તન" જેવા મહત્વપૂર્ણ વિષયો પર ૬૦ મિનિટનું જીવંત અને પ્રેરણાત્મક વ્યાખ્યાન આપ્યું હતું, જેમાં ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો અને યુવા ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો હતો.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ શ્રી મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે અપના ભી ટાઈમ આયેગા એ ખરું પણ તકને ઓળખવી જોઇએ. તકને ઓળખવાનું શ્રેષ્ઠ ઉદાહરણ સ્વ. ધીરૂભાઈ અંબાણી છે. બાળપણની વાર્તા ટાંકીને તેમણે સમજાવ્યું કે તકનો સમયસર ઉપયોગ કરવાથી ઉદ્યોગ સાહસિક સફળ થઈ શકે.

જાણીતા મોટિવેશનલ સ્પીકર શ્રી દીક્ષિત તેરૈયાએ ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે શા માટે ઉદ્યોગ સાહસિકો ગ્રોથની બસ ચૂકી જાય છે અને ધંધામાં આગળ વધી શકતા નથી. તેમણે કહ્યું કે મોટા ઉદ્યોગપતિઓએ તેમની કંપનીઓને ઓટો પાઇલટ ઓર્ગેનાઈઝેશન બનાવી છે. ૧૦% ઉદ્યોગ સાહસિકો આ કરી શક્યા નથી. જો તમે રૂટિન કામકાજથી અલિપ્ત રહો તો જ નવું વિચારી શકો. જેટલા મોટા બનવું છે, જેટલો બિઝનેસને વિસ્તારવો છે તો એટલા જ જલદી તમે તમારા બિઝનેસમાંથી નીકળી જાવ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સફળ ઉદ્યોગપતિઓ કરી શકે છે એ આપણે કેમ નથી કરી શકતા. અનેક દાખલા આપતા સમજાવ્યું કે હાયરિંગ માટે પણ ચોક્કસ મિકેનિઝમ હોવી જોઈએ. ઓબ્લિગેશન અને કમિટમેન્ટ ન આવે તો વ્યવસાયિક લાઈફ બગડે જ. તેમણે રેવન્યુ વર્ક અને નોન રેવન્યુ વર્કનો તફાવત સમજાવી ઉદ્યોગકારોને રેવન્યુ વર્ક પર ફોકસ કરવા સમજાવ્યું હતું. બિઝનેસમાં ન્યુ થિંકિંગ ખૂબ જરૂરી છે.

પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોએ તેમની પોતાની સમસ્યાઓ અને અનુભવો વિશે પ્રશ્નો પૂછ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ વિશેની માહિતી આપી હતી. કાર્યક્રમના કન્વીનર શ્રી ભરત પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમમાં સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.